**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૫ ટકા

# કલરવમાં બાળકોની ધમાકેદાર અભિવ્યકિત

## સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી થતું નુકશાન અને પર્યાવરણ બચાવો વિષય પર સંદેશો આપતા નાટક ભજવાયા

### બાળકો સાથે વાલીઓને પણ શાબાશી મળવી જોઈએ : જયંતિ રવિ














ગાંધીનગર, તા.૧૯
શહેરની કલરવ સંસ્થાના ૧૨મા બાલોત્સવ નિમિત્તે ટાઉનહોલ ખાતે બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. દર વર્ષની જે આ વર્ષે પણ બાળકોમાં કાર્યક્રમમાં ભાગ લેવાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ નિહાળવા ગાંધીનગરના મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ભાગ લીધેલ બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકો દ્વારા ગણેશવંદના, ડાન્સ, ડ્રામા, ગરબો, કથ્થક, ભરતનાટયમ, દુર્ગાપૂજા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

કલરવ સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ હર્ષ અને ઉમળકા સાથે સંસ્થાનો ૧૨મો બાલોત્સવ યોજાયો હતો. જેમાં ગાંધીનગર શહેર અને આજુબાજુના વિસ્તારના તથા વેકેશનમાં ગાંધીનગર આવતા એમ દરેક ૭ થી ૧૪ વર્ષના બાળકો મળીને કુલ ૧૨૫ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ તજજ્ઞો દ્વારા સતત બાર દિવસ સુધી બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવી હતી જેના અંતિમ પરફોર્મન્સ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ કૃતિઓ જેવી કે નાટક, ગરબો, કથ્થક, ગણેશવંદના અને ભરતનાટયમ, રાજસ્થાની નૃત્ય, બંગાળી નૃત્ય, રાસ અને ફિનાલે જેવી દરેક કૃતિ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.

કલાસિકલ ભરતનાટયમ નૃત્યને વેસ્ટર્ન મ્યુઝિક સાથે મીક્ષ કરીને બાળાઓ દ્વારા ખૂબ જ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત પર્યાવરણ બચાવો વિષય પરનું નાટક પણ સંદેશો આપીને જનતાને જાગૃત



કરે તેવું હતું. કથ્થકમાં કૃષ્ણ ભગવાનને યાદ કરવામાં આવ્યા હતા અને સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગની થઈ રહેલી અસર વિશે સંદેશો આપતું નાટક દર્શકોને ખૂબ જ પસંદ આવ્યું હતું. આઈ.એ.એસ. અધિકારી જયંતિ રવિ દ્વારા કર્ણાટકી સંગીતનું શિક્ષણ આપી રહ્યા છે ત્યારે તેમના શિષ્યો દ્વારા પણ સુંદર સંગીતની કૃતિ રજુ કરવામાં આવી હતી. આ ઉપરાંત તેમના દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે દરેક કૃતિ શરૂ થાય તે પહેલા કૃતિ વિશેની રજૂઆત બાળકો દ્વારા જ કરવામાં આવી રહી હતી.

બાળકોને પ્રોત્સાહન આપવા શહેરના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આરોગ્ય કમિશ્નર ડૉ. જયંતિ એસ. રવિ (આઈએએસ), ગાંધીનગર સમાચારના તંત્રી અને કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા, નિવૃત્ત આઈ.એ.એસ. ભાગ્યેશ જહા, આઈ.એ.એસ. ડી.એન. પાંડે, રેવ. ફાધર દુરાઈ ફર્નાન્ડ, જયરાજસિંહ સરવૈયા, રાજીવ દલેલા સંસ્થાના પ્રમુખ કમલ કિશોર જૈન, રોટરી કલબના પ્રમુખ અનંત પટેલ, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડીંગ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ મધુસુદનભાઈ વોરા, આર.ડી. ગાંધી, પાસ્ટ લાયોનેસ કલબ પ્રમુખ મમતાબેન, ડીવાયએસપી પી.કે. વાલેરા, જીસીઈઆરટીના ડૉ. જોષી, કલ્ચરલ ફોરમના પૂર્વ પ્રમુખ જયોતિન્દ્ર વ્યાસ હાજર રહ્યા હતા.

સંસ્થાના કારોબારી સભ્યો જેમાં જયપ્રકાશ ભટ્ટ, ઉમાબેન ભટ્ટ, કાલિંદીબેન ભટ્ટ, વીણાબેન વોરા, અનિલભાઈ જૈન, કલ્પનાબેન ઠાકર, ભાવેશભાઈ એરડા, ડૉ. પિયુષ દવે, ઉર્મિલ વૈદ્ય, મહેન્દ્રભાઈ ગજ્જરે પણ તેમનો વિશિષ્ટ ફાળો આપ્યો હતો.

સમગ્ર કાર્યકમનું સંચાલન આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વંદેમાતરમ અને દેશ રંગીલા જેવા દેશભકિત ગીત સાથે બાળકો, તજજ્ઞો અને કારોબારી સભ્યોએ ફિનાલે નૃત્ય રજૂ કર્યુ હતું.

# જીવનધારા ફાઉન્ડેશને કોબા સેવા વસ્તીમાં કપડાં વિતરણ કર્યુ



ગાંધીનગર, તા.૧૯
શહેરમાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરીબ પરિવારો માટે ઉનાળામાં વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં છાશ વિતરણ, ઠંડા પાણીની વ્યવસ્થા, ચપ્પલ વિતરણ, ચોપડા-નુટબુક વિતરણ વગેરેનો સમાવેશ થાય છે.

ઉનાળાની બળબળતી ગરમીએ જયારે તેનું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે ત્યારે ગાંધીનગરના કોબા સર્કલ પાસેની સેવા વસ્તીમાં જીવનધારા ફાઉન્ડેશન દ્વારા કપડા વિતરણનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં શહેરના અનેક સેવાભાવી યુવાનો જોડાયા હતા.

કોબા સેવા વસ્તીમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકો, વડિલો અને મહિલાઓ માટે અમદાવાદની જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ દ્વારા કપડાં વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા ઉપરાંત એડવોકેટ અમિતાબેન વાઘેલા, યુવા અભિનેત્રી વિવેકા પટેલ, દિનેશભાઈ ઠકકર, મહેશભાઈ જીરાવાલા, ભરતસિંહ બારડ ઉપરાંત પાલનપુરના વ્યસનમુકિત અભિયાનના પ્રણેતા રવિન્દ્ર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રમુખ મહેશભાઈ જીરાવાલા તરફથી કરવામાં આવ્યું હતું. સેવા કાર્યનો હેતુ ઉનાળાની ગરમીમાં શ્રમજીવી પરિવારોને મદદરૂપ થવાનો હતો.

## ૨૪ કલાક કાર્યરત જુનિયર સિટિઝન્સ કાઉન્સીલનો ૨૦માં વર્ષમાં પ્રવેશ

ગાંધીનગર, તા.૧૯
ગાંધીનગર શહેર તેમજ ગાંધીનગર જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ છેલ્લા ૧૯ વર્ષથી જુનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે. જેમાં આજ રોજ સંસ્થાએ ૨૦માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. જુસીકા પરિવાર ગાંધીનગરના નગરજનોને સંસ્થા દ્વારા મળતી દરેક સેવાકીય પ્રવૃત્તિ વધુમાં વધુ મળી રહે તે માટે પ્રયત્નશીલ રહેશે. ૨૦ વર્ષ દરમિયાન ગાંધીનગરના નગરજનો, દાતાશ્રીઓ, સરકારી કર્મચારીઓ, નગરના વેપારીઓ, સિવિલ હોસ્પિટલના ડોકટરશ્રીઓ, સ્ટાફ મિત્રો વગેરેનો તેમને સહકાર મળતો રહ્યો છે અને ભવિષ્યમાં મળતો રહેશે તે બદલ જુસીકા પરિવાર દરેકનો હૃદયપૂર્વક આભાર માને છે.

### ચિરવિદાય


- સ્વ. કનુભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર શાંતાબેન બેચરજી, ઉ.વ. ૯૫

# તકલીફ ક્ષણજીવી પરંતુ હટી જવું કે ગૌરવ પ્રાપ્ત કરવું કાયમી

## ગાંધીનગરની બે બાળકોની માતા એવી મહિલા સાયકિલસ્ટે ૩૦૦ કિમીથી માંડીને ૬૦૦ કિમી સુધીની આકરી અને રોમાંચક સાયકલ રાઈડ ખેડીને સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ મેળવ્યો છે : હવે તેમની નિમણૂંક પાટનગરમાં સાયકલિંગ જાગૃતિ માટે 'બાયસિકલ મેયર' તરીકે થઈ છે : આગામી સપ્તાહે પહેલી ઈવેન્ટથી તેમનું કાર્ય શરુ કરશે

ગાંધીનગર, તા.૧૯
સતત વધતી જતી વાહનોની સંખ્યા માત્ર ટ્રાફિકની ગીચતાની સમસ્યા સર્જતી નથી પરંતુ સાથે સાથે પર્યાવરણ અને આપણા આરોગ્ય પર પણ ગંભીર અસરો ઉભી કરે છે. પેટ્રોલ, ડિઝલ કે ઈલેકટ્રીકથી ચાલતા વાહનો વત્તા ઓછા પ્રમાણમાં આ સમસ્યાઓ વધારવામાં તેમનું યોગદાન આપે છે. આ કારણે હવે વિશ્વભરમાં 'સાયકલ' સવારીનું મહત્વ વધતું જઈ રહ્યું છે અને પર્યાવરણ તથા ટ્રાફિક સાથે જાહેર આરોગ્ય અંગે જાગૃત દેશોમાં સાયકલના ઉપયોગને વધારવા પ્રસંશનીય પગલાં લેવામાં આવી રહ્યા છે. ગાંધીનગરમાં હવે આ કાર્ય બે બાળકોની માતા હોવા છતાં સાયકલ સવારી માટે લગભગ ગાંડો કહી શકાય તેવો ક્રેઝ ધરાવતી મહિલા પિન્કી ઝા કરવા જઈ રહ્યા છે કેમ કે તેમની નિમણૂંક ગાંધીનગરના 'બાઈસિકલ મેયર' તરીકે કરવામાં આવી છે. આગામી તા. ૨૬મી મેના રોજ તેઓ ટ્રાફિક જાગૃતિ માટે તેમની પ્રથમ ઈવેન્ટ સાયકલ સવારી સાથે યોજવાના છે.

મુંબઈના પિન્કી ઝા અને તેમના પતિ ડૉ. પ્રકાશ ઝા જેઓની ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે નિમણુંક થવાથી વર્ષ ૨૦૧૧માં ગાંધીનગરના સેકટર-૮માં રહેવા આવ્યા હતા. અહીં આવીને ગાંધીનગરના સુંદર રાજમાર્ગો તથા હરિયાળીથી આકર્ષિત થઈ તેઓ




સવાર સાંજ સાયકિંલગ કરવા નીકળી પડતા હતા ત્યારે તેમણે પણ વિચાર્યુ નહોતું કે માત્ર આરોગ્યની જાળવણી હેતુસર કસરત કરવાના હેતુથી શરૂ કરેલું આ સાયકિલંગ તેમને ગાંધીનગરના 'બાયસિકલ મેયર' બનાવા સુધી દોરી જશે. સાયકલ સવારી કરતા બનેલી મહિલા મિત્રો સાથેની ગોષ્ઠિમાં તેમણે ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૫માં 'જી થ્રી સાયકલ કલબ' નામથી સંસ્થા શરૂ કરી જેમાં તેમની સાથે અન્ય બે મહિલા સાયકિલસ્ટ પ્રિતી સોનવણે અને ભૂમિ જોગાણી સામેલ હતા. આ ત્રણેય મહિલાઓએ ગાંધીનગરમાં સાયકલ રનનું પણ આયોજન કર્યુ હતું. સમયાંતરે અંગત કારણોસર બાકીની બંને મહિલાઓને આ સાયકલ કલબથી અલગ થવું પડયું પરંતુ પિન્કી ઝા એ હજુ પણ આ કલબને જીવંત રાખી છે. ગાંધીનગરમાં જીથ્રી સાયકલ કલબ ગુડા એટલે કે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શરૂ કરાયેલ સાયકલ શેરીંગ પ્રોજેકટ 'જી-બાઈક'ની સલાહકાર સમિતિમાં સ્થાન પામી છે. જી-બાઈક પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગરમાં દર ૭૦૦ મીટરે સાયકલ સ્ટેશન બનાવાયા છે જયાંથી વ્યકિતઓ નજીવા દરે સાયકલ ભાડે મેળવી તેનો ઉપયોગ કરી શકે છે.

પિન્કી ઝાએ આટલેથી ના અટકતા સાયકલ ચલાવવાના શોખને વધુ ઊંચાઈએ લઈ જવાનું નિશ્ચિત કર્યુ હતું તેથી તેમણે આંતરરાષ્ટ્રીય કક્ષાની સાયકિલંગ ઈવેન્ટમાં ભાગ લેવાનું શરુ કર્યુ હતું. વર્ષ ૨૦૧૭માં તેમણે બીઆરએમ-૩૦૦ નામની સાયકિલંગ ઈવેન્ટમાં ભાગ લીધો જેમાં તેમણે હિંમતનગરથી ઈડર-વિજયનગર પોળોના જંગલોમાં






થઈને ઋષભદેવથી પરત હિંમતનગર સુધીની ૩૦૦ કિમી સાયકલ યાત્રા ખેડી હતી. આ પ્રથમ સાયકલ યાત્રા દરમિયાન તેમને હાઈવે પરના ટ્રકોના ભારે ટ્રાફિક, સતત હોર્ન વગાડતા વાહનો, જોખમી ઓવરટેકિંગ જેવા અનુભવો થયા વળી ૧૫ કિલો જેટલા વજન સાથે ચઢાણવાળા રસ્તા પર આકરું સાયકિંલગ કર્યુ પરંતુ તેમણે આ ઈવેન્ટ પુરી કરી. બસ ત્યારથી તેમનો સાયકિલંગનો શોખ જનુનમાં પરિવર્તિત થઈ ગયો હતો. આ પછી તેમણે 'સુપર રેન્ડોનિયર્સ' બનવા માટેની અલગ અલગ અંતરની સાયકિલંગ ઈવેન્ટ જેવી કે ૩૦૦ કિમી, ૪૦૦ કિમી, ૬૦૦ કિમી પુરી કરવાની હતી. અગાઉ બીઆરએમ-૩૦૦ પતાવ્યા પછી તેમણે બીઆરએમ-૬૦૦માં પણ ભાગ લીધો હતો. જેમાં ૫૦૦ કિમી પુરું કર્યા પછી તે તેઓ એટલા થાકી ગયા હતા કે રીતસરના પાછા પડવા લાગ્યા હતા. આ સમયે તેઓ પોતાના ચહેરાને ઝંઝોળતા, પોતાના માથાના વાળ ખેંચતા અણગમાથી પોતાની જાતને પુછવા લાગ્યા હતા કે 'હું શા માટે આ બધું કરું છું?' જો કે ત્યારે તેમણે વિચાર્યુ કે 'તકલીફ તો ક્ષણજીવી હોય છે પરંતુ હટી જવું અથવા આગળ વધી ગૌરવ પ્રાપ્ત કરવું કાયમી રહેશે.' બસ તેમણે આ ઈવેન્ટ પુરી કરી અને ઘરે પહોંચ્યા ત્યારે બાળકોએ પુછયું કે 'મમ્મા તે પુરું કર્યું?' ત્યારે માંડ માંડ ત્રુટક અવાજમાં કહી શકયા કે 'હા બેટા મેં પુરું કર્યુ'. પિન્કી ઝાએ સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ પ્રાપ્ત કરવા માટે જે વિવિધ અંતરની ૪ સાયકિલંગ ઈવેન્ટ પુરી કરી તેના અનુભવો તો ઘણા રોમાંચક અને પ્રેરણાદાયી રહ્યા છે એક તબક્કે રાત્રે અઢી વાગે તેમને ઉંઘ આવતા એક રોડ સાઈડના મંદિરેના બાંકડે સુઈ જવા પ્રયાસ કર્યો તો કૂતરાંઓ આવીને ભસવા લાગ્યા છેવટે તેમણે ટોલનાકાના બાંકડે આરામ કરવો પડયો હતો. આ ઉપરાંત જંગલ, પહાડ, દુર્ગમ અને કાચા પાકા દરેક પ્રકારના રસ્તાઓ પર અનેક પ્રકારના જોખમો સાથે તેમણે સાયકિલંગ કરી આ ખિતાબ મેળવ્યો છે. એક તબક્કે તેમના માતા-પિતા અને પતિ પણ તેમના આ શોખથી અણગમો ધરાવતા હતા તેઓ આજે તેમના પર ગર્વ કરે છે. આ ઉપરાંત પિન્કી ઝાએ અન્ય કેટલિક સાયકિલંગ ઈવેન્ટ તથા માત્ર ૮ કલાકમાં ૫૧ કિમી દોડવા સાથે મેરેથોન રનમાં પણ ભાગ લીધો છે.

આજે તેમની દિકરી ૧૨ વર્ષની અને દિકરો ૯ વર્ષનો છે જેને તેઓ ભગવાનની ભેટ માનતા કહે છે કે જયારે હું તેમનાથી દૂર રહેતી ત્યારે બાળકો પોતાનું ધ્યાન જાતે જ રાખતા હતા. પિન્કી ઝા કહે છે મહિલાઓ પોતાની જાતને જ અવગણે છે તેમણે દરેક ક્ષેત્રમાં આગળ આવવું જોઈએ. પિન્કી ઝાને આંતરરાષ્ટ્રીય સ્તરે સાયકિલંગ અંગે જાગૃતિ ફેલાવાનું કાર્ય કરતી સંસ્થા ડચ સોશ્યલ એન્ટરપ્રાઈઝ દ્વારા 'બાયસિકલ મેયર' તરીકે નિયુકત કરાયા છે. જેમનું ધ્યેય 'મિશન ફિફટી બાય થર્ટી' અંતર્ગત તેમના શહેરમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ટ્રાફિકમાં ૫૦ ટકા ઉપયોગ સાયકલનો થાય તે અંગે કાર્યરત બનવાનું છે અને પિન્કી ઝા આગામી તા. ૨૬મે ૨૦૧૯ના રોજથી તેમનું આ કાર્ય શરુ કરવા જઈ રહ્યા છે જે ગાંધીનગર માટે ગૌરવની વાત છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com